**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૦ ટકા

# આત્મનની બાળ શિબિરનું સમાપન

## શહેરના કુલ ૫૧ જેટલા બાળકોએ શિબિરનો લાભ લીધો : ત્રીજા દિવસે નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલે વિજ્ઞાનના પ્રયોગો કરાવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં આત્મન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રણ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તારીખ ૧૦ થી ૧૨ સવારે ૧૦ થી ૧૧ વાગ્યા આસપાસ નાના બાળકોની શિબિર યોજાઈ હતી. ગાંધીનગરમાં બાળકોને કુદરતી વાતાવરણ મળી રહે તે માટે ચાર દિવાલોની અંદર નહિ પણ પ્રકૃતિની અંદર એટલે કે વનસ્પતિ ઉદ્યાન ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણેય દિવસ બાળકોને વિવિધ પ્રકારની એક્ટિવિટી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુલ ૫૧ જેટલા બાળકોએ આ વર્ષે શિબિરનો લાભ લીધો હતો. આ શિબિરમાં બાળકોને છેલ્લા દિવસે નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો કરાવવામાં આવ્યા હતા. જેમાં બાળકોને ખૂબ જ રસ પડ્યો હતો. આ શિબિરના સમાપનની સાથે સાથે ગઈકાલે બાળકોને આ શિબિરનો લાભ લેવા બદલ સર્ટીફિકેટ પણ આપવામાં આવ્યા હતા.

ડ્રોઈંગ, ક્રાફ્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, નાટક, સ્પોર્ટસ ગેમ, જ્ઞાન સાથે ગમ્મત જેવી એક્ટિવિટી કરાવીને આ શિબિરનું ગઈકાલે સમાપન થયું હતું. બાળકોને ત્રણેય





દિવસ વિવિધ પ્રવૃત્તિઓ કરાવીને તેમને ભાવતો નાસ્તો આપવામાં આવ્યો હતો. બાળકો એકબીજા સાથે હળીમળીને ગ્રુપમાં નવા નવા મિત્રો સાથે નાસ્તાની મજા માણતા હતા.

આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ દ્વારા આ શિબિરને સફળ બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. તેઓ બાળકો માટે ૨૬ વર્ષથી આવી શિબિર કરતા આવ્યા છે. આ વર્ષે તેમની ૨૭મી શિબિર હતી. જોકે આ વર્ષે ગરમી વધારે હોવાથી એપ્રિલ માસના બદલે જૂનમાં આ શિબિરનું આયોજન કર્યુ હતુ અને મોટી સંખ્યામાં બાળકોએ આ શિબિરનો લાભ પણ લીધો હતો.

આત્મન દ્વારા દર વર્ષે આખા દિવસની શિબિરનું આયોજન હોય છે પરંતુ આ વર્ષે ઉનાળાના વધુ પડતા તાપના કારણે તેમ શક્ય બન્યુ નહોતુ. આ શિબિરમાં પ્રજ્ઞાબેન પટેલ ઉપરાંત નફીસાબેન દ્વારા બાળકોને રમતગમત અને જરૂરી માર્ગદર્શન આપીને સફળ યોગદાન પુરૂ પાડ્યું હતું.

ઉનાળાનું વેકેશન પુરૂ થવા જઈ રહ્યું છે અને બાળકો હવે શાળાઓમાં કીલકારીઓ કરતા જોવા મળશે ત્યારે મોબાઈલમાં પોતાનો સમયનો દુરપયોગ કરતા બાળકોને આ રીતે યોજાતી શિબિરનો અવશ્ય લાભ લેવો જોઈએ. આ શિબિર દર વર્ષે ગાંધીનગરમાં ઉનાળાના વેકેશનમાં યોજાય છે. આ શિબિરને સફળ બનાવવામાં આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ, સુધાબેન, હિરલબેન, બિનાબેન, જયશ્રીબેન, ધૃતિબેન, નફીસાબેનનો સહયોગ રહ્યો હતો.

## શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે ૫૫૧ કિલો કેરીનો મનોરથ




ગાંધીનગર, તા.૧૨

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર સેક્ટર-૨૧ ખાતે નિર્જળા એકાદશી પ્રસંગે ૫૫૧ કિલ્લો કેરીનો મનોરથ કરવામાં આવ્યો હતો. જેના દર્શનનો ૬૦૦ થી વધુ વૈષ્ણવોએ લાભ લીધો હતો. મુખ્ય મનોરથી તરીકે રિચા/ અર્થ તુષારભાઈ શાહે સેવા આપી હતી.

# ગાંધીનગરમાં આજે આ સમયે તમારો પડછાયો થઈ જશે 'ગાયબ'!

## આ ખગોળીય ઘટનાને સમજવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિશેષ આયોજન

ગાંધીનગર, તા.૧૨

તમારી સાથે રહેતો પડછાયો પણ ક્યારેક ગાયબ થઈ શકે છે જો એવું કહીએ તો તમને કદાચ માન્યમાં નહીં આવે. પરંતુ આ સાચુ છે. અવકાશમાં એવી એવી ખગોળીય ઘટના જોવા મળે છે જે જાણીને તમે પણ આશ્ચર્યચકિત થઈ જશો. આવી જ એક ખગોળીય ઘટના વર્ષમાં બે વાર જોવા મળે છે જેને 'ઝીરો શેડો ડે' કહેવાય છે. જેમાં અમુક પળ સુધી તમારો પડછાયો પણ તમારો સાથ છોડી દેશે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ ખગોળીય ઘટનાઓ વિષે લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. સામાન્ય રીતે આપણને બધાને એવું લાગતું હોય છે કે સૂર્ય રોજ બપોરે આપણા માથા પરથી પસાર થાય છે. પરંતુ વાસ્તવમાં એવું નથી હોતું. સૂર્ય વર્ષમાં બે દિવસ આકાશમાં સૌથી – ઊંચા બિંદુ (ડીહેંર)પરથી પસાર થાય છે. આ બે દિવસોએ સ્થાનિક બપોરના સમયે પડછાયો ગાયબ થઈ જતો હોય છે એટલે કે શૂન્ય થઈ જતો હોય છે. દરેક જગ્યા માટે આ દિવસ અને સમય જુદા જુદા હોય છે. ગાંધીનગર માટે આ દિવસ ૧૩ જૂન ૨૦૨૨, સમય બપોરે ૧૨:૩૯ કલાકે પડછાયો શૂન્ય થવાની ઘટના નિહાળી શકાશે.

ગાંધીનગરના ખગોળ પ્રેમી વિદ્યાર્થીઓ તથા નાગરિકોને આ રસપ્રદ ઘટના વિષે વિશેષ માહિતી મળે તેમજ પડછાયો 'ગાયબ' થવાની અનુભૂતિ થાય તે માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આવવા હાર્દિક નિમંત્રણ છે.

# વસતી ઓછી છતાં સમસ્યાઓ ઝાઝી એટલે શહેરનું સેક્ટર-૧૨..!!

## રાજપૂત સમાજ પાસે ઉભરાતી ગટર સહીત સેક્ટરમાં જાહેર સાફ સફાઈમાં બેદરકારી સાથે બિસ્માર રોડ રસ્તાં : ગ-૪ અન્ડરપાસના ગોકળગાયની ગતિએ થઈ રહેલાં કાર્યથી વસાહતીઓ પરેશાન : આંતરિક માર્ગો પર ટ્રાફિક વધતાં અકસ્માતનું જોખમ




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં દરેક સેક્ટરની રચના અલગ અલગ રીતે કરવામાં આવી છે જે અનુસાર શહેરની લગભગ મધ્યમાં કહી શકાય તેવા સેક્ટર-૧૨માં વસતીનું પ્રમાણ ઓછું અને સેક્ટરમાં સૌથી વધુ જગ્યા રોકતી જિલ્લાની સિવિલ હોસ્પિટલ સહિત વિવિધ સંસ્થાઓને સમાવાઈ છે જેમાં ઉમિયા માતાજી સંસ્થાન, બલરામ મંદિર પરિસર, વિશ્વકર્મા મંદિર જેવા મંદિરો સાથે રાજપૂત સમજ ભવન, કડવા પાટીદાર સમાજ વાડી અને ડો. બાબાસાહેબ આંબેડકર ભવન મુખ્ય છે. આ ઉપરાંત મહિલા સંરક્ષણ ગૃહ, જીસીઆરટી, ડાયેટ જેવી સરકારી વ્યવસ્થાના એકમો પણ આવેલાં છે. શહેરના મુખ્ય માર્ગો પૈકી ઘ-રોડ અને ગ-રોડની વચ્ચે સ્વર્ણિમ પાર્કને સમાંતર સેક્ટર-૧૨માં ભલે વસાહતીઓની સંખ્યા ઓછી છે પરંતુ અંહીની સમસ્યાઓની સંખ્યા અન્ય સેક્ટર્સ સાથે સ્પર્ધા કરે તેટલી જ જોવા મળી રહી છે.

સેક્ટર-૧૨માં નિર્માણ સમયે કુલ આવાસો માત્ર ૧૧૬૮ છે પૈકી ૭૫૨ આવાસો તો સરકારી છે જેમાં જ-૨ ટાઈપના કેટેગરીના આવાસો ૫૭૪ છે જયારે બાકીના આવાસોમાં ઘ, ચ, છ, જ ટાઈપનો સમાવેશ થાય છે અને મોટાભાગના સરકારી આવાસો અત્યારે રિનોવેશનમાં છે. આ સાથે સેક્ટર-૧૨માં ખાનગી પ્લોટની સંખ્યા પણ માત્ર ૪૧૬ છે જેમાં ૩૩૦ મીટરના માત્ર ૯ પ્લોટ સાથે બાકીના ૮૧ મીટર અને ૯૦ મીટરના પ્લોટ છે. જોકે સેક્ટરમાં સીબીઆઈ કોલોની, જીએસઆઈ કોલોની વગેરેનો પણ સમાવેશ થાય છે. સેક્ટર-૧૨નો ઘ-માર્ગ તરફનો ભાગ મુખ્ય પ્રવેશદ્વાર સમાન છે જ્યાં રોડની બીજી તરફ જિલ્લા કોર્ટ અને કલેક્ટર કચેરી સહિત મહાનગર સેવા સદન આવેલાં છે. કોર્ટ પાસે પડતાં આ ચાર રસ્તે જ ખાસ કરીને સવાર-સાંજ પીક અવર્સમાં વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાય છે. સે.૧૨માં રહેતાં મહિલા અગ્રણી ઋષિકા ચકવર્તી જણાવે છે કે આ માર્ગેથી અંદર તરફ જતાં ઉમિયા મંદિર પાસે સ્પિડ બ્રેકર બમ્પ લગાડવાની ખાસ જરુર છે કેમકે જીસીઆરટી તરફથી ઉમિયા મંદિરના ઝાંપા આગળથી આવતાં વાહનો રંગમંચ તરફથી આવતાં વાહનચાલકોને ઝટ દેખાતાં નથી. આ સ્થળે અવારનવાર બાઈકચાલકો સાથે ટક્કર સહિતના નાના-મોટા અકસ્માતના બનાવો ભૂતકાળમાં બની ચુકેલાં છે. આ સાથે તેઓ જણાવે છે કે સેક્ટર-૧૨સી વિભાગમાં પાણીનો ફોર્સ ધીમો આવે છે જેના કારણે અનેક વસાહતીઓએ ઘર આગળ કુંડીઓ બનાવીને તેમાં મોટરો લગાડી દીધી છે અને આ મોટરો ચાલુ થાય એટલે બાકીના વસાહતીઓને પાણી આવતું અત્યંત ધીમું થઈ જાય છે. વળી, સેક્ટરમાં જાહેર સાફસફાઈમાં બેદરકારી હોવાથી સે.૧૨સી વિભાગનો નવરાત્રી ચોક સાફ થતો નથી. સેક્ટરના અન્ય એક અગ્રણી વસાહતી વિનોદભાઈ મેણાત જણાવે છે કે સે.૧૨ની અત્યારે મુખ્ય સમસ્યા ગ-માર્ગ પર અત્યંત ગોકળગાય ગતિએ ચાલી રહેલું અન્ડર પાસ વિકસવવાનું કાર્ય છે કેમકે આ કાર્યને કારણે સે.૧૨માં વચ્ચેના આંતરિક માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ થઈ રહ્યો છે જે સાંકડો માર્ગ છે. આમ પણ સેક્ટરના આંતરિક માર્ગોની હાલત બિસ્માર છે, અન્ય સેક્ટરની જેમ તેને રિનોવેટ નથી કરાઈ રહ્યાં. ખાસ કરીને રાજપુત સમાજ ભવન સામેનો માર્ગ અનેક સ્થળેથી તુટી ગયો છે. તેમણે એ પણ જણાવ્યું હતું કે રાજપૂત સમાજ નજીકની સેક્ટરની શાળા વિવેકાનંદ વિદ્યા વિહાર ખાનગી સંચાલકોને સોંપી દેવાઈ છે અને તેમણે સ્કૂલની કમ્પાઉન્ડ વોલ બનાવતાં જે જમીન સ્કૂલની નથી તેવી સરકારી જમીનને પણ હડપી લીધી છે, અને તેના પર ગેરકાયદેસર કબજો એટલે સુધી જમાવ્યો છે કે તે સરકારી જમીન પર વર્ષોથી વિકસેલાં લીમડાંના વૃક્ષો પરથી ચૈત્ર માસમાં મ્હોર પણ વસાહતીઓને ચુંટવા દેવામાં આવતો નથી.

રાજપૂત સમાજ ભવનની બાજુમાં વિવેકાનંદ વિદ્યા વિહાર આગળ જ સીબીઆઈ કોલોની સામેની ગટર છેલ્લાં ઘણા સમયથી ઉભરાઈ રહી છે તેવું જણવતાં સેક્ટરના વધુ એક અગ્રણી વસાહતી અને જાણીતા એડવોકેટ દિલીપસિંહ બિહોલા કહે છે કે 'આ ઉભરાતી ગટર અંગે અનેકવાર સુવિધા કચેરી સહિત વહીવટીતંત્રને રજુઆતો કરવામાં આવી ચુકી છે પરંતુ તેના ઉકેલ માટે કોઈ કામગીરી કરવામાં નથી આવતી. આ ઉભરાતી ગટરને કારણે અત્યંત ગંદકી અને દુર્ગંધયુકત માહોલ સર્જાઈ રહ્યો છે તેમજ જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે જે નજીકના રહેવાસીઓના સ્વાસ્થ્ય માટે જોખમકારક છે.' આ સાથે તેમણે સેક્ટર-૧૨ની પોલીસ ચોકી બંધ હોવાને કારણે સેક્ટરમાં અવારનવાર નાની-મોટી ચોરી-ચકારીની સમસ્યાં સતાવી રહી છે તેમજ સેક્ટરમાં જીસીઆરટીથી ડો.આંબેડકર ભવન તરફ જતાં માર્ગ પર આસપાસની ઝાડીના કારણે અસમાજિક પ્રવૃતિઓ તેમજ યુગલોના જાહેરમાં અસભ્ય વર્તન જેવી બદી ફુલીફાલી રહી છે. આમ પણ સેક્ટર-૧૨ ઘણાં ખુલ્લાં મેદાનો છે જયાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટી વધી રહી છે જેના કારણે વસાહતીઓને પરેશાની તો ભોગવવી પડી રહી જ છે.

આ ઉપરાંત સેક્ટર-૧૨માં આંતરિક માર્ગની આસપાસ ખાણીપીણીની લારીઓ-ખુમચાં વગેરેના દબાણ પણ વધી ગયાં છે, કેટલેક સ્થળે સ્ટ્રીટ લાઈટની સમસ્યા સતાવે છે, રખડતાં ઢોરના ત્રાસથી આ સેક્ટર પણ મુક્ત નથી, બગીચાનું રિનોવેશન થઈ ગયું છે પરંતુ રંગમંચના રિનોવેશનનું કાર્ય ધીમું ચાલી રહ્યું છે. સેન્ટ્રલ વિસ્ટા પાર્ક તરફની વનરાજીમાં પાર્ક પાસે ઉભા રહેતાં બરફગોળા સહિતની ખાણીપીણીની લારીઓવાળાં દ્વારા કચરો-ગંદકી ઠાલવવામાં આવે છે જે પર્યાવરણ સાથે જાહેર સ્વાસ્થ્ય માટે જોખમી બની રહી છે. જોકે આટલી બધી સમસ્યાઓ સામે સેક્ટરમાંથી અવાજ ઓછો ઉઠે છે કેમકે આ સેક્ટરમાં વસાહત મંડળની રચના થઈ શકી નથી અને તેના માટે સેક્ટરના કેટલાંક રાજકિય દબાણો કારણભૂત હોવાનું માનવામાં આવે છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com









●●●

**'રાજપૂત સમાજ ભવન સામે ઉભરાતી ગટર અંગે અનેકવાર સુવિધા કચેરી સહિત વહીવટીતંત્રને રજુઆતો કરવામાં આવી ચુકી છે પરંતુ તેના ઉકેલ માટે કોઇ કામગીરી કરવામાં નથી આવતી. આ ઉભરાતી ગટરને કારણે અત્યંત ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલ સર્જાઇ રહ્યો છે. સેક્ટર-૧૨ની પોલીસ ચોકી બંધ હોવાને કારણે સેક્ટરમાં અવારનવાર નાની-મોટી ચોરી-ચકારીની સમસ્યાં સતાવી રહી છે જેથી સત્વરે તેને મરામત કરીને શરૂ કરી જોઈએ.'**

**- દિલીપસિંહ બિહોલા**
**જાણીતા એડવોકેટ અને અગ્રણી વસાહતી**

●●●

**'ઉમિયા મંદિર પાસે સ્પિડ બ્રેકર બમ્પ લગાડવાની ખાસ જરૂર છે કેમકે જીસીઆરટી તરફથી ઉમિયા મંદિરના ઝાંપા આગળથી આવતાં વાહનો રંગમંચ તરફથી આવતાં વાહનચાલકોને ઝટ દેખાતાં નથી. સેક્ટર-૧૨સી વિભાગમાં પાણીનો ફોર્સ ધીમો આવે છે અને કેટલીક સ્ટ્રીટ લાઇટો બંધ હોવાની સમસ્યા છે. જાહેર સાફ સફાઇમાં ભારે બેદરકારી જોવા મળે છે'.**

**- ઋષિકા ચક્વર્તી,**
**મહિલા અગ્રણી વસાહતી**

●●●

**'સે.૧૨ની અત્યારે મુખ્ય સમસ્યા ગ-માર્ગ પર અત્યંત ગોકળગાય ગતિએ ચાલી રહેલું અન્ડર પાસનું કાર્ય છે જેના કારણે સેક્ટરના આંતરિક માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ થઇ રહ્યો છે જે સાંકડો માર્ગ છે. આમ પણ સેક્ટરના આંતરિક માર્ગોની હાલત બિસ્માર છે, અન્ય સેક્ટરની જેમ તેને રિનોવેટ નથી કરાઇ રહ્યાં. ખાસ કરીને રાજપુત સમાજ ભવન સામેનો માર્ગ અનેક સ્થળેથી તુટી ગયો છ વિવેકાનંદ વિદ્યા વિહારના કમ્પાઉન્ડમાં સરકારી જમીનને પણ હડપી લીધી છે, અને તેના પર ગેરકાયદેસર કબજો જમાવ્યો છે.'**

**- વિનોદભાઇ મેણાત**
**અગ્રણી વસાહતી અને સમાજિક કાર્યકર**

## જન્મદિને વધામણી



પ્રિયંકાબેન હિમાંશુકુમાર ડાભી
મો. ૭૩૫૯૩૫૯૯૭૪



પટેલ લલીતા પ્રકાશકુમાર
મો. ૯૭૨૭૬૦૧૫૧૬



રત્નોત્તર તિથિ સુરેશકુમાર



ભાર્ગવી શૈલેષકુમાર ઠાકોર



કથન ચારેલ



સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦

## સેક્ટર-૨૧ ખાતે ઝૂમ્બા અને યોગા વર્કશોપનું આયોજન

તારીખ ૧૫ અને ૧૬ જૂનનાં રોજ ઝૂમ્બા વર્કશોપ તથા તા. ૧૭થી ૨૦જૂન નાં રોજ યોગા વર્કશોપનું આયોજન સાંજે ૫:૦૦ થી ૭:૩૦ કલાક દરમિયાન ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ, મિલાપ ટાટારિઆ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા ગાંધીનગર, સેક્ટર-૨૧ ખાતે કરવામાં આવેલ છે તથા ૨૧ જૂન નાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે અને ભાગ લેનાર દરેક વ્યક્તિને આયોજકો દ્વારા સર્ટીફિકેટથી સન્માનિત કરવામાં આવશે સાથે વધુ માહિતી માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ પર નામ નોંધાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મકવાણા સવિતાબેન રાજુજી, ઉ.વ. ૪૮, ઈન્દ્રોડા
- સ્વ. મકવાણા રાજુજી, ઉ.વ. ૪૯, ઈન્દ્રોડા
- સ્વ. પરમાર નારણભાઈ જીવાભાઈ, ઉ.વ. ૬૩, સેક્ટર-૨૩
- સ્વ. ઠાકોર રમતુજી ધીરાજી, ઉ.વ. ૫૯, મહુન્દ્રા
- સ્વ. સોલંકી નિકુલકુમાર રમેશભાઈ, ઉ.વ. ૨૯, શિહોલી મોટી